**અજાણ્યા શખ્સે મદદના બહાને પિન જાણી કાર્ડ બદલી નાણાં ઉપાડ્યા શખ્સ ફરાર થઈ ગયો હતો**

## લીમખેડામાં શિક્ષિકાના ATM કાર્ડ બદલી રૂા.50,000ની છેતરપિંડી

(પ્રતિનિધિ) લીમખેડા, તા.9

લીમખેડાની ચિત્રકુટ સોસાયટીમાં રહેતા અને ધાનપુર તાલુકાની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા કોમલ પટેલ સાથે એટીએમ કાર્ડની અદલાબદલી કરી છેતરપિંડી થયાની ઘટના સામે આવી છે. 8 મે, 2026 ના રોજ સાંજના સમયે આલી રોડ પર આવેલા બેંક ઓફ બરોડાના એટીએમની બાજુમા આવેલા એક્સીસ બેન્ક ના એટીએમ સેન્ટરમાં આ ઘટના બની હતી. કોમલબેન નાણાં ઉપાડવા ગયા હતા, પરંતુ બેંક ઓફ બરોડાના એટીએમમાં રોકડ ન હોવાથી તેઓ બાજુમાં આવેલા એક્સીસ



બેન્કના એટીએમમાં ગયા હતા. ત્યાં એક્સીસ બેન્કના એટીએમના કેબિનમાં હાજર એક અજાણ્યા ઈસમે મદદ કરવાના બહાને કોમલબેનનું એટીએમ કાર્ડ મશીનમાં નાખી પિન નંબર જાણી લીધો હતો. જોકે તે મશીનમાં પણ નાણાં ન હોવાથી કોમલબેન કાર્ડ પાછું મેળવીને બહાર નીકળી રહ્યા હતા. આ દરમિયાન પાછળ ઉભેલા ભેજાબાજ શખ્સે અત્યંત ચાલાકીથી કોમલબેનને વાતોમાં ભોળવીને તેમના હાથમાંથી કાર્ડ લઈ લીધું હતું અને તેમને અન્ય એક નકલી કાર્ડ પકડાવી દીધું હતું. ત્યારબાદ આરોપી ત્વરિત ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. થોડી જ વારમાં કોમલબેનના મોબાઈલ પર તેમના ખાતામાંથી નાણાં ઉપડતા હોવાના મેસેજ આવવા લાગ્યા હતા. સૌ પ્રથમ 25,000, ત્યારબાદ 10,000, ફરી 10,000 અને અંતે 5,000 મળીને કુલ 50,000 રૂપિયા ખાતામાંથી ઉપાડી લેવાયા હતા. પોતાના ખાતામાંથી અચાનક રકમ કપાવવાનું શરૂ થતા ગભરાયેલા કોમલબેને તાત્કાલિક બેંકનો સંપર્ક કર્યો હતો. દરમિયાન બેંકની ઓટોમેટિક સિસ્ટમમાંથી શંકાસ્પદ વ્યવહાર અંગે ફોન આવતા તેમણે તાત્કાલિક ખાતું બ્લોક કરાવી દીધું હતું. આ સમગ્ર બનાવ અંગે પીડિત શિક્ષિકાએ લીમખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. અજાણ્યા શખ્સે પૂર્વ આયોજિત કાવતરું રચીને નકલી કાર્ડ દ્વારા છેતરપિંડી આચરી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે આ મામલે ગુનો નોંધીને એટીએમ સેન્ટરમાં લાગેલા સીસીટીવી ફૂટેજના આધારે આરોપીની શોધખોળ હાથ ધરી છે.

## દાહોદ શહેર મામલતદારનું હાર્ટ એટેકથી મોત

(પ્રતિનિધિ), દાહોદ, તા.9

દાહોદ જિલ્લાના ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના મામલતદાર શૈલેષ પ્રજાપતિ સવારે પોતાના ઘરે થી ગોવિંદ ગુરુ લીમડી કચેરી ખાતે ફરજ પર આવવા નીકળ્યા હતા આ દરમ્યાન અચાનક જ તેમને છાતીમાં તીવ્ર દુખાવો ઉપડ્યો હતો સ્થિતિ ગંભીર જણાતા તેમને તાત્કાલિક સારવાર માટે દાહોદની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા ડોકટર ની મહેનત કારગત નીવડી હોસ્પિટલ ખાતે તબીબોની ટીમ દ્વારા તેમને બચાવવા માટે સઘન સારવાર શરૂ કરવામાં આવી હતી જોકે તમામ પ્રયાસો છતાં સારવાર કારગત નીવડતા તેમને હોસ્પિટલ મા જ અંતિમ શ્વાસ લીધા હતા ઉચ્ચ અધિકારીઓ હોસ્પિટલ દોડી ગયા હતા શૈલેષ પ્રજાપતિ ના નિધન ના સમાચાર વાયુ વેગે પ્રસરતા જ મહેસૂલ વિભાગ અને સરકારી આલમમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

**યુવકે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી**

## પોપટપુરા ગામના યુવકનું સારવાર દરમિયાન સયાજી હોસ્પિટલમાં મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.9

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના પોપટપુરા ગામે એક અત્યંત આઘાતજનક અને કરુણ ઘટના સામે આવી છે. ગામમાં રહેતા એક ૩૦ વર્ષીય આશાસ્પદ યુવકે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લેતાં તેનું મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને પરિવારમાં ઘેરો શોક છવાઈ ગયો છે.

સ્થાનિક સૂત્રો અને પોલીસ પાસેથી મળતી વિગતો અનુસાર, પોપટપુરા ગામના લક્ષ્મણભાઈ રાઠવાના ૩૦ વર્ષના દીકરા નિલેશ રાઠવા ગત રાત્રિના રોજ પોતાના રોજિંદા ક્રમ મુજબ ઘરે આવ્યા હતા. પરિવાર સાથે રાત્રિનું ભોજન લીધા બાદ તેઓ પોતાના રૂમમાં સૂવા માટે ગયા હતા. પરંતુ રાત્રિના આશરે ૧૧:૦૦ વાગ્યાના અરસામાં નિલેશે કોઈ અજ્ઞાત કારણોસર ઘરમાં રાખેલી ઝેરી દવા પી લીધી હતી. દવા શરીર પર અસર કરી જતાં તેઓ બેભાન અવસ્થામાં ફસડાઈ પડ્યા હતા.

ઘટનાની જાણ પરિવારજનોને થતાં જ ઘરમાં દોડધામ મચી ગઈ હતી. વહાલસોયા દીકરાને બચાવવા માટે પરિવારે તાત્કાલિક ગોધરાની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. જો કે, યુવકની તબિયત વધુ લથડતાં અને ઝેર આખા શરીરમાં ફેલાઈ ગયું હોવાથી તેને વધુ સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબોના અથાગ પ્રયત્નો છતાં, ટૂંકી સારવાર દરમિયાન જ નિલેશે અંતિમ શ્વાસ લીધા હતા અને દમ તોડી દીધો હતો.

યુવકના અકાળે અવસાનથી હોસ્પિટલ પરિસરમાં જ પરિવારજનોના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. આ મામલે ગોધરા તાલુકા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી, યુવકે કયા કારણોસર આ આત્મઘાતી પગલું ભર્યું તે દિશામાં વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

**આદિવાસીઓની 73 અ-અ સત્તા પ્રકારની જમીન પર ગેરકાયદેસર બાંધકામ**

## દેવગઢ બારીયાના આકલી ગામે જમીન કૌભાંડ : શાળા અને દુકાનો બાંધી દેવાઈ

(પ્રતિનિધિ) દાહોદ, તા.2

આકલી ગામે નાયક વજાભાઈ વેચાત ભાઈ વગેરેના સંયુક્ત ખાતે ચાલતી અને 73અ અ સત્તા પ્રકારની પ્રતિબંધિત જમીન (જેનો સર્વે નંબર 420 અને જૂનો સર્વે નં. 87/1 પૈકી 59 છે) પર નિયમોને નેવે મૂકીને ગેરકાયદેસર રીતે વિશાળ બાંધકામ ખડકી દેવામાં આવ્યું હોવાનો સનસનીખેજ મામલો સામે આવ્યો છે. કેળવણી મંડળ દ્વારા ગેરકાયદેસર બાંધકામ સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ વિવાદિત જમીન પર સાતકુંડાના ભારતીય જનતા પાર્ટી (BJP) ના અગ્રણી ચૌહાણ ભૂપેન્દ્રસિંહના સંચાલન હેઠળ ચાલતા 'નવચેતન કેળવણી મંડળ સાતકુંડા' દ્વારા




'જ્ઞાન યજ્ઞ વિદ્યામંદિર' નામની શાળાનું તેમજ અન્ય બે (2) કોમર્શિયલ દુકાનોનું ગેરકાયદેસર બાંધકામ કરી દેવામાં આવ્યું છે. જાતિના પ્રમાણપત્ર અને વ્હીલ (Will) સામે સવાલોની ઝડી આ સમગ્ર મામલામાં સૌથી મોટો અને ચોંકાવનારો વળાંક ભાજપ અગ્રણી ભૂપેન્દ્રસિંહ ચૌહાણના પુત્ર ધનંજય કોલચાની જાતિને લઈને આવ્યો છે. સરકારી રેકોર્ડ તપાસતા માલૂમ પડ્યું છે કે, ધનંજયના દાદા ચીમનભાઈ ધીરાભાઈ કોળી (રહે. સાતકુંડા) ના નામે સાતકુંડા ગામમાં બ્લોક/સર્વે નંબર 170 ની જમીન 'કોળી' જ્ઞાતિ તરીકે નોંધાયેલી છે. હવે સવાલ એ ઊભો થાય છે કે, જો દાદા ચીમનભાઈ ધીરાભાઈ રેકોર્ડ પર 'કોળી' હોય, તો તેમનો પૌત્ર ધનંજય ભૂપેન્દ્રસિંહ રાતોરાત 'આદિવાસી કોલચા' કયા આધાર-પુરાવા અને કયા સરકારી દસ્તાવેજોના આધારે બની ગયો? આદિવાસીઓની જમીન પચાવી પાડવા અથવા કાયદાકીય પકડમાંથી બચવા માટે આ નકલી જાતિનું પ્રમાણપત્ર ઊભું કરાયું છે કે કેમ, તે અત્યારે ઉચ્ચ સ્તરીય તપાસનો વિષય બન્યો છે.

## સાંસદ જશવંતસિંહની ઉપસ્થિતિમાં એક પેડ મા કે નામ સૂત્ર સાથે વૃક્ષારોપણ



(પ્રતિનિધિ) સિંગવડ, તા.9

સિંગવડ તાલુકાની નર્સિંગ કોલેજ ખાતે અને ત્યારબાદ 11:00 કલાકે એકલવ્ય મોડલ સ્કૂલ છાપરવડ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં દાહોદ લોકસભાના સાંસદ જશવંતસિંહ ભાભોરના હસ્તે વૃક્ષો વાવીને શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મલાબેન ભાભોર, તાલુકા પંચાયતના સભ્યો, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ સી. કે. કિશોરી, પૂર્વ તાલુકા પંચાયત સભ્યો, ભાજપ પ્રમુખ મહેશ બારીયા, માજી પ્રમુખ મહેન્દ્ર પટેલ, પાર્ટીના મહામંત્રીઓ, છાપરવડ ગામના સરપંચ, વિસ્તરણ રેન્જ અને રણધીપુર રેન્જના અધિકારીઓ તેમજ આજુબાજુના ગામોના સરપંચો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ₹એક પેડ મા કે નામ₹ના સ્લોગન સાથે વિદ્યાર્થીઓ, કાર્યકરો અને ગ્રામજનોએ લીમડા, પીપળા, આસોપાલવ અને ફળાઉ વૃક્ષો વાવીને માતૃત્વનું ઋણ અદા કરવાનો સંકલ્પ લીધો હતો. સાંસદ જશવંતસિંહ ભાભોરે જણાવ્યું કે દરેક વ્યક્તિએ પોતાની માતાના નામે એક વૃક્ષ અવશ્ય વાવવું જોઈએ અને તેનું જતન કરવું જોઈએ.

## કાલોલ હાઈવે પર કારને ટક્કર મારી અન્ય કારચાલક ફરાર

કારનો કૂરચો બોલાવી દીધો, ચાલકને ઓછાવત્તી ઇજાઓ

(પ્રતિનિધિ) કાલોલ, તા.9

મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના કણજરા ગામના વતની રવિન્દ્રભાઈ નાથાભાઈ ખરાડી (ઉ.વ. ૨૧) એ કાલોલ પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર, ગત તારીખ ૦૭/૦૬/૨૦૨૬ ના રોજ સાંજના આશરે સાડા સાતેક વાગ્યે રવિન્દ્રભાઈ તેમના કાકાના દીકરા વિજયકુમાર સાથે વડોદરા ખાતે બીમાર કાકાની ખબર કાઢવા માટે પોતાની મારુતિ સ્વિફ્ટ કાર (નંબરઃ GJ-06-LK-0792) લઈને નીકળ્યા હતા.

જ્યારે તેમની કાર કાલોલથી આગળ હાલોલ તરફ જઈ રહી હતી, ત્યારે મઘાસર ચોકડી પાસે પંચ હોટલ સામેના બમ્પ નજીક પાછળથી આવતી એક ટી.યુ.વી. મહિન્દ્રા ફોરવ્હીલ (નંબરઃ GJ-06-JQ-0414) ના ચાલકે પોતાની ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આવીને સ્વિફ્ટ કારને પાછળથી જોરદાર ટક્કર મારી દીધી હતી. આ ટક્કરને કારણે સ્વિફ્ટ કારની ડીકી, બમ્પર અને પાછળની બંને લાઈટોના કાચ તૂટી ગયા હતા.

અકસ્માત થતાં જ ફરિયાદી અને તેમનો ભાઈ ગાડીમાંથી નીચે ઉતર્યા હતા. નુકશાની અંગે વાત કરવા જતાં જ ટી.યુ.વી. મહિન્દ્રાનો ચાલક ગાડી લઈને હાલોલ તરફ ભાગવા લાગ્યો હતો. રવિન્દ્રભાઈ અને વિજયકુમારે પોતાની કારથી તેનો પીછો કર્યો અને હાલોલ ટોલનાકા પાસે આરોપીની ગાડીને રોકવા માટે પોતાની કાર તેની આગળ ઊભી રાખી દીધી.

પરંતુ, આરોપી ચાલકે ત્યાં પણ પોતાની ગાડી ઊભી રાખવાના બદલે સ્વિફ્ટ કારને આગળના ભાગે જોરદાર ટક્કર મારી દીધી હતી, જેના કારણે કારના આગળના બમ્પર, બોનેટ અને હેડલાઈટોને ભારે નુકશાન થયું હતું. ત્યારબાદ આરોપી ચાલક પોતાની ગાડી લઈને વડોદરા તરફ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.આ ઘટના અંગે રવિન્દ્રભાઈ ખરાડીએ કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ટી.યુ.વી. મહિન્દ્રા કારના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## ભાણપુરમાં સનદ વાળી જમીન પડાવવા માથાભારે ભાભોર કુટુંબનું કારસ્તાન

(પ્રતિનિધિ) દાહોદ, તા.9

ધાનપુર તાલુકાનું ભાણપુર ગામ અંતરિયાળ ડુંગરાળ વિસ્તાર એમપી મધ્ય પ્રદેશની બોર્ડરને અડીને આવેલું જંગલ વિસ્તારમાં એ ભાણપુર ગામ ત્યાં વર્ષોથી એક વિધવા પોતાના દીકરા સાથે રહે છે ત્યાં બાજુમાં આવેલું ભાભોર કુટુંબ ભારે માથાભારે હોય અને સુમલી બેન ની જમીન પડાવવા માટે વારંવાર કજીયો કરે અને મારી નાખવાની ધમકીઓ સુમલીબેનને અને તેમના દીકરાને આપવામાં આવતા બેથી ત્રણ વાર પોલીસ સ્ટેશનમાં લેખિત મૌખિક અરજીઓ આપતા અને એફ આઈ આર પણ થતાં હાલ માથાભારે તત્વોને બારોબાર જામીન મળી જતા હોય તેવો સુમલી કાકી એ આજે અચાનક મીડિયા ની ટીમે મુલાકાત



લેતા વિધવા કાકી રડતા આંસુએ બાજુમાં વસતા માથાભારે ભાભોર કુટુંબના તત્વના ત્રાસની આપવીતી મીડિયાના કેમેરા સામે જણાવી વધુમાં તેઓના પુત્ર કાજી ભાઈએ ભારે હૈયે જણાવતા પોતાના બાપની અને માની જમીન હડપવા વાળાઓ સામે વારંવાર ઉચ્ચ કક્ષાએ પોલીસ ફરિયાદ નોંધાવા છતાં માથાભારે તત્વો સામે કોઈ એક્શન લેવામાં આવતું નથી તેવા ગંભીર પ્રકારના આક્ષેપો મીડિયાની ટીમ સમક્ષ લગાવ્યા પાણી વીજળી અને રોડ રસ્તા વગર રાતના અંધારામાં પોતાની જિંદગી વિતાવ તું એક ગરીબ પરિવાર ધાનપુર તાલુકાના ભાણપુર ગામે જેનો આજે મીડિયા સમક્ષ વિધવા કાકી એ અને પોતાના પુત્ર એ પોતાના પર થતો અત્યાચાર અને વીજળી પાણી ઘરની સુવિધા નહીં રોડ રસ્તાની સુવિધા નહીં તેવા ગંભીર પ્રકારના આક્ષેપો લગાવ્યા તેઓના ઘરે વીજળીના થાંભલા પણ નાખવામાં આવેલા છે વીજળીના લાભથી વંચિત વિધવા કાકીને વીજળી વિભાગના અધિકારીઓ તાત્કાલિક ધોરણે વીજળીની સુવિધા કરી આપવામાં આવશે કે નહીં પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ પાણીની સુવિધા કરી આપવામાં આવશે કે નહીં તે જોવુ રહ્યું..

**શિક્ષકોની સલામતી અંગે ચિંતા, કડક પગલા લેવા માંગ**

## કાલોલમા વસ્તી ગણતરીની કામગીરી કરતી મહિલા શિક્ષિકા પર હુમલો

(પ્રતિનિધિ) કાલોલ, તા.9

કા લોલ નગરપાલિકા વિસ્તારમાં વસ્તી ગણતરી ૨૦૨૬ની સરકારી કામગીરી દરમિયાન એક મહિલા શિક્ષિકા (ગણતરીદાર) સાથે અભદ્ર વર્તન કરી, ગંદી ગાળો બોલી અને તેમના પતિ પર ઈંટ વડે જાનલેવા હુમલો કરવાની શરમજનક ઘટના સામે આવી છે.

આ ગંભીર મામલે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ કાલોલ દ્વારા મામલતદાર અને તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીને આવેદન પત્ર આપી હુમલો કરનારાઓ સામે દાખલારૂપ કાયદેસરની કાર્યવાહી કરવા અને મહિલા શિક્ષિકાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા ઉગ્ર માંગ કરવામાં આવી છે.મળતી માહિતી મુજબ, અલીન્દ્રા પ્રાથમિક શાળાના મહિલા આસિસ્ટન્ટ શિક્ષિકા નિશાબેન અશોકપુરી ગોસાઈ હાલમાં કાલોલ નગરપાલિકાના વોર્ડ નંબર ૨, બ્લોક નંબર ૧૨માં વસ્તી ગણતરીની કામગીરી બજાવી રહ્યા છે. ગત શનિવારના રોજ સાંજે જ્યારે તેઓ સુથાર ફળિયા વિસ્તારમાં ઘર ગણતરીની કામગીરી કરી રહ્યા હતા, ત્યારે આશિષકુમાર ગીરીશભાઈ પંચાલ, તેમનો પુત્ર અને પ્રગ્નેશકુમાર પંચાલ નામના વ્યક્તિઓએ ઘર બાબતે પૂછવામાં આવેલા સવાલો પર ઉશ્કેરાઈ જઈને અત્યંત ખરાબ અને અભદ્ર ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. જ્યારે મહિલા શિક્ષિકાએ ફરજ પર શાંત રહીને સારું વર્તન કરવા જણાવ્યું, ત્યારે આ ત્રણેય ઈસમો વધુ ઉગ્ર બન્યા હતા.

## પંચમહાલ જિલ્લામાં 'પ્રગતિ પથ યાત્રા'ને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતેથી લીલી ઝંડી

(પ્રતિનિધિ) ગોધરા, તા.9

વડાપ્રધાનના ૧૨ વર્ષના સફળ કાર્યકાળ પૂર્ણ થવાના અવસરે પંચમહાલ જિલ્લામાં વિકાસ અને જનસેવાના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજથી પ્રગતિ પથ યાત્રા ના આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આ યાત્રા દરમિયાન જિલ્લાના વિવિધ તાલુકાઓમાં મહત્વના વિકાસલક્ષી કાર્યોની જનપ્રતિનિધિઓ અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા સ્થળ મુલાકાત લઈ જરૂરી રચનાત્મક સૂચનો આપવામાં આવ્યા હતા. આ પ્રગતિ પથ યાત્રાનો



વિધિવત શુભારંભ ગોધરાના કનેલાવ સ્થિત સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતેથી મહાનુભાવો દ્વારા લીલી ઝંડી આપીને કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે રમતગમત ક્ષેત્રે ગુજરાતની આગવી ઓળખ સમાન ખેલ મહાકુંભ પર આધારિત એક વિશેષ શોર્ટ ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું. પૂર્વ મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલા આ ખેલ મહાકુંભના કારણે છેલ્લા ૧૫ વર્ષમાં રાજ્યના નવયુવાનોને ખેલ જગતમાં મળેલી અભૂતપૂર્વ સફળતાની ઝાંખી આ ફિલ્મમાં દર્શાવવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે સ્વિમિંગ પૂલનું બારીકાઈથી નિરીક્ષણ પણ કર્યું હતું.આ યાત્રા દરમિયાન જિલ્લાના વિકાસને ગતિ આપતા મુખ્ય પ્રકલ્પોની મુલાકાત લેવામાં આવી હતી.

**દાહોદ જિલ્લાની આંગણવાડી કાર્યકર બહેનોનો અનોખો વિરોધ**

## પડતર પ્રશ્નો માટે મહિલાઓએ સરકારનુ બેસણુ રાખી નિકાલ માટે ઉગ્ર માંગ કરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.9

દાહોદ જિલ્લા ની આંગણવાડી કાર્યકર દ્વારા તારીખ ૮-૬-૨૦૨૬ ના રોજ એકત્રિત થઈ ને કલેક્ટર દાહોદ ને પગાર વધારો અને કાયમી નોકરીની માંગણી સાથે આવેદનપત્ર આપીને સરકારનુ બેસણુ રાખીને અનોખી રીતે વિરોધ નોંધાવ્યો હતો ઘણા લાબા સમયથી આંગણવાડી કાર્યકર અને તેડા ઘરના પગાર વધારો અને કાયમી ધોરણે નોકરી કરવા માટે ના તેમજ તેમના સળગતા પ્રશ્નો નો કાયમી ધોરણે નિકાલ કરવા બાબત અવાર નવાર



આવેદનપત્ર આપવામાં આવ્યા હતા તેમ છતાં સરકાર તરફથી કોઈ માંગણી નહી સંતોષાતાં ફરી આજ રોજ કલેક્ટર દાહોદ ને અને પ્રોગ્રામ ઓફિસરને રૂબરુ મળીને દાહોદ જિલ્લા સેવાસદનના ખાતે સરકારનુ બેસણુ રાખીને અનોખી રીતે વિરોધ નોંધાવ્યો હતો જેમા જિલ્લા તાલુકા ના પ્રમુખશ્રી ઓ આગેવાનો અને આંગણવાડી કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

પ્રોગ્રામ ઓફિસરને રૂબરુ મળતા ઘટતી કાર્યવાહી કરવા જાણવા મળતા સંતોષકારક જવાબ આપવામાં આવ્યો હોવાનુ જાણવા મળે છે હવે જોવુ રહ્યુ કે દાહોદ જિલ્લાની આંગણવાડી કાર્યકર ના પડતર પ્રશ્નો નો નિકાલ સરકાર નિકાલ કરશે કે સબ સલામતના ગાણા ગાતા રહેશે તે જોવુ રહ્યુ જો તેમની માગણીયો સંતોષવામાં નહીં આવે તો આવનાર સમય માં આંગણવાડી વર્કેરો ના મુખેથી જન આંદોલન કરવાની ચિમકી પણ ઉચ્ચારી હોવાનું જણાઈ રહ્યું છે.

## ઝેરના મુવાડા ગામમાં કેબલ શોર્ટની સમસ્યાથી ગ્રામજનો પરેશાન

(પ્રતિનિધિ) કાલોલ, તા.9

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ઝેરના મુવાડા ગામમાં છેલ્લા કેટલાય દિવસોથી વીજ કેબલમાં શોર્ટ સર્કિટની સમસ્યાને કારણે ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગામના અમુક વિસ્તારોમાં પૂરતા વોલ્ટેજ સાથે વીજ પુરવઠો ન મળતા ઘરેલુ તેમજ ખેતીના કાર્યો સંપૂર્ણપણે ખોરવાઈ ગયા છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, કાલોલ જી.ઈ.બી. (MGVCL) સબ સ્ટેશનમાં ફોન દ્વારા તેમજ અનેક વખત ઓનલાઈન ફરિયાદો નોંધાવવા છતાં તંત્ર દ્વારા કોઈ કાયમી નિરાકરણ લાવવામાં આવ્યું નથી. જ્યારે પણ ફરિયાદ કરવામાં આવે ત્યારે અધિકારીઓ એકબીજા પર જવાબદારી ઢોળીને કામગીરીમાંથી હાથ ઊંચા કરી લેતા હોવાનો ગંભીર આક્ષેપ સ્થાનિકોએ કર્યો છે.

**હાલોલમાં સગા ભાણિયા સાથે પત્નીના અફેરની શંકા**

## પતિએ પત્નીનું ગળું કાપી કરી ઘાતકી હત્યા, આરોપી પતિની ધરપકડ કરાઈ

(પ્રતિનિધિ) હાલોલ, તા.9

હાલોલમાં સગા ભાણિયા સાથે પોતાની પત્નીના પ્રેમ સંબંધને લઈને પતિએ પત્નીના ગળા પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી કરપીણ હત્યા કરી હોવાનો સનસનાટીભર્યો બનાવ સામે આવ્યો છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે.પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધી હત્યારા પતિની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ વર્તુળો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ બનાવના ફરિયાદી જસવંતભાઈ ગોપાલભાઈ સોલંકી રહેવાસી ધારીયા તલાવડી ગામ, સ્કૂલની બાજુમાં શિવરાજપુર નજીક, હાલોલ હાલ તેઓ હાલોલના રણછોડ નગર, મંગળવારીની પાછળ પુત્રી દીપિકાના લગ્ન મૂળ સાથરોટા ગામના પૃથ્વીરાજ નટવરસિંહ ચૌહાણ (હાલ રહે. યમુના નગર, ગોધરા રોડ, હાલોલ) સાથે થયા હતા. પૃથ્વીરાજ અને દીપિકાના લગ્નજીવનમાં ૧૭ વર્ષનો



દીકરો પાર્થ અને ૧૪ વર્ષની દીકરી પીનલ છે. તેમનો સંસાર અત્યાર સુધી ખૂબ સારો ચાલતો હતો. પરંતુ ફરિયાદીએ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ છેલ્લા ચાર વર્ષથી દીપિકાને તેના પતિ પૃથ્વીરાજની બહેનના દીકરા (સગા ભાણિયા) સાથે પ્રેમ સંબંધ હતો. આ બાબતને લઈને પતિ-પત્ની વચ્ચે અવારનવાર મોટા ઝઘડા થતા હતા.તા.8 જૂન સોમવારના રોજ સવારે આશરે ૮:૧૫ વાગ્યાના સુમારે આ પારિવારિક વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું, જેમાં પૃથ્વીરાજે આવેશમાં આવીને પોતાની પત્ની દીપિકા પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દીધી હતી.